3૮૬૧૭-3૮

ક્રમાંકઃ કવટ/આઈએસસી–૮/ભરતી/૨૦૧૬
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૨, બીજો માળ.
ગુ. રા. ગાંધીનગર.
તારીખ૨૮/૦૯/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનીત આર્ટસ, કોમર્સ, સાયન્સ, બી.એડ. અને લો કોલેજો તમામ.

**વિષયઃ–** રાજયમાં આવેલ બિનસરકારી અનુદાનીત કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રીયા સારુ જરુરી સુચનાઓ બાબત.

**સંદર્ભઃ–** (૧) સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં સરખા ક્રમાંકનાં ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ, તા. ૨૦/૦૧/૨૦૧૪, ૨૮/૦૫/૨૦૧૫ અને ૧૮/૦૪/૨૦૧૬

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના પત્રક્રમાંકઃ
(i) કવટ/આઈએસસી–૮/૨૦૧૬/૧૧૩૪૨–૧૧૭૦૬ તા. ૨૯/૪/૨૦૧૬
(ii) કવટ/આઈએસસી–૮/ભરતી/૨૦૧૬/૧૯૬૭૯–૧૯૭૮૮ તા. ૧૬/૦૬/૨૦૧૬
(iii) કવટ/આઈએસસી–૮/ભરતી/૨૦૧૬/૩૦૮૩૬–૩૦૯૪૬ તા. ૨૦/૦૭/૨૦૧૬
(iv) કવટ/આઈએસસી–૮/ભરતી/૨૦૧૬/૩૨૩૧૦, તા. ૨૬/૦૭/૨૦૧૬

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી કરવા માટે જુલાઈ–૨૦૧૫ થી ડીસેમ્બર–૨૦૧૫ દરમ્યાન કુલ–૧૧૦ સંસ્થાઓને એન.ઓ.સી. આપવામાં આવેલ હતી. જે અન્વયે સંબંધિત સંસ્થાઓએ જાહેરાત આપી કેટલીક સંસ્થાઓ ધ્વારા ઈન્ટરવ્યુની તારીખની માંગણી કરવામાં આવતાં ૨૮ જેટલી સંસ્થાઓને ઈન્ટરવ્યુ અંગેની તારીખ ફાળવવામાં આવેલ હતી. જે પૈકી ૧૨ જેટલી સંસ્થાઓ ધ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયા પૂર્ણ કરી, પસંદગી કરેલ ઉમેદવારને નિમણૂક આપવા માટે પુર્વમંજુરી અર્થે અત્રેની કચેરીમાં દરખાસ્તો રજુ કરેલ છે.

આચાર્યની ભરતી પ્રક્રિયા કરવા માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ–૧ માં જણાવેલ ઠરાવોની જોગવાઈઓને ધ્યાને રાખી, આ કચેરીનાં સંદર્ભ– ૨ માં જણાવેલ પત્રોથી સંસ્થાઓને વખતોવખત સૂચનાઓ આપવામાં આવેલ છે તેમ છતાં, ઉપર મુજબ પુર્વમંજુરીઅર્થે રજુ થયેલ દરખાસ્તોની ચકાસણી કરતાં, શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૪ ના ઠરાવ અન્વયે યુ.જી.સી. રેગ્યુ.– ૨૦૧૦ ના પારા ૬.૦.૦ નીચે ૬.૦.૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબ આચાર્યની ભરતી કરવા અને તદઅનુસાર યુ.જી.સી. માર્ગદર્શક સૂચનાનાં એપેન્ડીક્ષ III માં ટેબલ I થી IX માં દર્શાવ્યા મુજબનાં ગુણાંકનને ધ્યાને લઈ, સીધી ભરતી તથા પસંદગી પ્રક્રિયા કરવા ઠરાવેલ છે. ત્યારબાદ તા. ૧૮/૦૪/૨૦૧૬ નાં ઠરાવથી સીધી ભરતીની કાર્યવાહીમાં યુ.જી.સી. રેગ્યુલેશન્સ–૨૦૧૦ નાં પારા ૪.૨.૦ મુજબ લાયકાત તથા પારા ૬.૦.૯ ની જોગવાઈ મુજબ વિગતવાર ગુણાંકન કરવા ઠરાવવામાં આવેલ છે.

પારા ૬.૦.૦ નીચે મુજબ જોગવાઈ છે.

પારા ૬.૦.૧ The overall selection procedure shall incorporate transparent, objective and credible methodology of analysis of the merits and credentials of the applicants based on weightages given to the performance of the candidate in different relevant dimensions and his/her performance on a scoring system proforma, based on the Academic Performance Indicators (API) as provided in this Regulations in Tables I to IX of Appendix III. In order to make the system more credible, universities may assess the ability for teaching and/or research aptitude through a seminar or lecture in a class room situation or discussion on the capacity to use latest technology in teaching and research at the interview stage. These procedures can be followed for both direct

BDD
To take note
[illegible] ૨૧/૦૯

recruitment and CAS promotions wherever selection committees are prescribed in these Regulations.

પારા ૬.૦.૨ The Universities shall adopt these Regulations for selection committees and selection procedures through their respective statutory bodies incorporating the Academic Performance Indicator (API) based Performance Based Appraisal System (PBAS) at the institutional level for University Departments and their Constituent colleges/ affiliated colleges (Government/Government-aided/Autonomous/ Private Colleges) to be followed transparently in all the selection processes. An indicative PBAS template proforma for direct recruitment and for Career Advancement Schemes(CAS) based on API based PBAS shall also be sent separately by the UGC to the universities. The universities may adopt the template proforma or may devise their own self-assessment cum performance appraisal forms for teachers in strict adherence to the API criteria based PBASprescribed in these Regulations.

પારા ૬.૦.૯ The Academic Performance Indicator (API) scoring system in the process of selection of Principal shall be similar to that of directly recruited College Professors. In addition, the selection committee shall assess the following dimensions with the weightages given below:

a. Assessment of aptitude for teaching, research and administration (20%);
b. Ability to communicate clearly and effectively (10%);
c. Ability to plan institutional programmes, analyze and discuss curriculum development and delivery, research support and college development/administration (20%);
d. Ability to deliver lecture programmes to be assessed by requiring the candidate to participate in a group discussion or exposure to a class room situation by a lecture (10%);
e. Analysis of the merits and credentials of the candidates on the basis of the Performance Based Appraisal System (PBAS) proforma developed by the affiliating University based on these Regulations (deduced to 40% of the total API score).

ઉપરોકત પેરા: ૬.૦.૯ માં (e) માં દર્શાવેલ ગુણાંકન સરકારશ્રીનાં તા. ૧૮/૦૪/૨૦૧૬ નાં ઠરાવમાં નકકી કર્યા મુજબ કરવાનું રહે છે, જ્યારે એપેન્ડીક્ષ III નાં ટેબલ II (સી) મુજબ આચાર્યની સીધી ભરતી માટે પ્રથમ API ની કેટેગરી III માં કેપીગ બાદ લઘુત્તમ ૪૦૦ નો સ્કોર થવો જરુરી છે. અને તેવાં ઉમેદવારોને ત્યારબાદ પસંદગી પ્રક્રિયામાં પારા ૬.૦.૯ માં દર્શાવ્યા મુજબ મૂલ્યાંકન/ગુણાંકન કરી પસંદગી પ્રક્રિયા કરવાની રહે.

આમ, આચાર્યની સીધી ભરતી માટે સમગ્ર પસંદગી પ્રક્રિયા યુ.જી.સી. રેગ્યુ.–૨૦૧૦ નાં એપેન્ડીક્ષ– III નાં ટેબલ– I થી IX માં દર્શાવ્યા મુજબ એ.પી.આઈ. આધારિત પરફોર્મન્સ બેઈઝડ એપ્રેઝલ સિસ્ટમ (PBAS) આધારે કરવાની રહે છે. આ હેતુ માટે નિયત નમૂનામાં એ.પી.આઈ. રજુ થયેલ હોવા જરુરી છે. ઉમેદવારના એસોસીએટ પ્રોફેસર/ પ્રોફેસર કક્ષાના સમયગાળાના વર્ષવાઈઝ એપીઆઈ યુજીસીના નિયત નમુનામાં (ઈજ્ઞાન ઉપર મુકેલ તા.૨૦/૭/૧૬ નાં પત્રથી સામેલ નમુના તથા સુચના પ્રમાણે) રજુ કરવાનાં રહે છે. જેમાં ઉમેદવારની વ્યકિતગત માહિતી ઉપરાંત કેટેગરી– ૧, કેટેગરી– ૨ અને કેટેગરી– ૩નો સમાવેશ થાય છે. આ રજુ કરેલ વર્ષવાઈઝ એપીઆઈ કોલેજના આઈકયુએસી અને યુનિવર્સિટીના આઈકયુએસી ધ્વારા પ્રમાણિત થયેલ હોવા જોઈએ.

તેમ છતાં, રજુ થયેલ દરખાસ્તોમાં નીચે મુજબની ક્ષતિઓ ધ્યાને આવેલ છે આથી,

૧) પૂર્વ મંજુરી માટે ઉમેદવારે રજુ કરેલ એપીઆઈ કોઈ સમયના સંદર્ભમાં રજુ થયેલ નથી. માત્ર કેટેગરી–૩ નીજ વિગતો રજુ કરવામાં આવેલ છે

૨) ઉમેદવાર ધ્વારા એસોસીયેટ પ્રોફેસર કક્ષા (AGP-9000) ના સમયગાળાના અથવા તો પાછળના ત્રણ વર્ષના એ.પી.આઈ. ઉપર જણાવ્યા પ્રમાણે રજુ કરવાના રહે છે.

૩) એસેસમેન્ટ પિરીયડ નાં રજૂ થયેલ એ.પી.આઈ. પૈકી કેટેગરી– III નું કેપીંગ કર્યા બાદ સ્કોર ૪૦૦ થતો હોય તેવાં ઉમેદવારો ને ઈન્ટરવ્યુમાં બોલાવવાના થાય છે.

૪) ઈન્ટરવ્યુ માટે તારીખ ફાળવણી અર્થે રજૂ કરવામાં આવતી દરખાસ્તમાં સીનોપ્સીસ માં એ.પી.આઈ. સંબંધી દરેક ઉમેદવારનાં કેટેગરી–૧, કેટેગરી–૨ અને કેટેગરી–૩ નો સ્કોર દર્શાવવાનો રહે છે, તેમજ રજૂ કરેલ એ.પી.આઈ. ની પ્રમાણિત નકલ ( માત્ર નિયત નમૂના પૂરતી) સિનોપ્સીસ સાથે રજુ કરવાની રહેશે.

૫) ત્યારબાદ પસંદગી સમિતિ સમક્ષ જયારે ઉમેદવાર ઉપસ્થિત થાય ત્યારે આ પ્રમાણે રજુ થયેલ એ.પી.આઈ. આધારે સમગ્ર મૂલ્યાંકન/પસંદગી પ્રક્રિયા પારા ૬.૦.૦ ની જોગવાઈ મુજબ કરવાની રહે છે.

૬) કેટલીક સંસ્થાઓએ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી પૂર્વમંજુરીઅર્થે દરખાસ્ત રજુ કરેલ છે પરંતુ, સંસ્થાઓ ધ્વારા ૪૦ ગુણનાં ગુણાંકનનાં સમર્થનમાં યાદી તથા જરુરી આધારો રજુ કરેલ નથી. આથી પુર્વમંજુરી અંગેની દરખાસ્ત સાથે આ વિગતો/આધારો અવશ્ય રજુ કરવાનાં રહેશે.

૭) ઉપરોક્ત બાબતો ઉપરાંત,

(અ) ઉમેદવાર ૯૦૦૦ નો ગ્રેડ પે મેળવે છે તે અંગેનો આદેશ તથા પે એન્ડ એક. કચેરી, ગાંધીનગરનાં ફિકસેશન આદેશની નકલ સામેલ રાખવાની રહેશે.

(બ) ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્ષ કર્યા અંગેના આધારો સામેલ રાખવાના રહેશે.

(ક) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કર્યા અંગેના આધારો સામેલ રાખવાના રહેશે.

(ડ) જાહેરાત આપ્યા અંગેના અસલ છાપાના પૂરા પેજ આધાર તરીકે સામેલ રાખવાનાં રહેશે.

ઉપર મુજબની સૂચનાઓ મુજબ સંપૂર્ણ સિનોપ્સીસ / દરખાસ્ત રજુ કર્યાબાદ ઈન્ટરવ્યુ માટેની તારીખ ફાળવવામાં આવશે. તથા પસંદગી પામેલ ઉમેદવારને નિમણુક આપવા પુર્વમંજુરીઅર્થેની દરખાસ્ત સાથે ઉપરોક્ત સુચના તેમજ આ અગાઉ વખતોવખત આપેલ સુચનાઓને ધ્યાને રાખી જરૂરી તમામ આધારો સાથેની દરખાસ્ત રજુ કરવા (દરેક પાન ઉપર એકી સંખ્યામાં પાના નંબર નાંખી) જણાવવામાં આવે છે.

(એ.જે.શાહ)
કમિશનર
ઉચ્ચ શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાના : જાણ સારુ

— રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી.

